# મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગરવાલ સમક્ષ, મહેસાણા

**રેફ.(એલ.સી.એમ.) નં.૨૪/૨૦૨૫**

**આંક–૪૦**

પ્રથમ પક્ષકાર – વિભાગીય નિયામકશ્રી,
એસ.ટી. વિભાગીય કચેરી, મોઢેરા ચાર રસ્તા,
સીમંધર મંદીર પાછળ, મહેસાણા.

**// વિરૂધ્ધ //**

બીજા પક્ષકાર – શ્રી ભાવસિંહ લવજીભાઈ ઠાકોર
ઠે. પાંચ લીમડી ગંજ બજાર સામે, મુ.તા.જી.મહેસાણા.

**વિષય – આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે**

<u>હાજર રહ્યા</u> –
પ્રથમ પક્ષકાર તરફે – વિ.વકીલશ્રી પી.એ.ગાંધી.
બીજા પક્ષકાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી જે.એલ.રાવલ.

## ઃ– એવોર્ડ ઃ–

(૧) શ્રમ આયુકતશ્રી મહેસાણાએ તેમના તા.૩૧/૧૨/૨૦૨૦ ના હુકમ નં. કે.એચ./એસ.એચ.એમ.સી./એજે/૩૧/૨૫ થી સદરહુ રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે અત્રે સુપ્રત કરેલ છે.

આ કામના રેફરન્સની અનુસુચી જોતાં તે નીચે મુજબ છે.

## ઃ– અનુસુચી ઃ–

ભાવસિંહ લવજીભાઈ ઠાકોરને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) આ કામે બંને પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન મુજબ આંક–૩૯ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આગામી વાર્ષિક પગાર વધારો ૧ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરી વચગાળાના કોઈપણ જાતના નાણાંકીય લાભો પગાર તફાવત વગર નોશનલ ફીકશેસન ગણી નોકરીની સળંગતા સાથે પુનઃસ્થાપિત કરવા બંને પક્ષકારો સંમત થયેલ છે અને સમાધાન બંને પક્ષકારોએ રાજીખુશીથી સ્વીકારેલ છે અને હવે પછી બીજા પક્ષકારને સંસ્થા પાસેથી કોઈપણ જાતના

બાકી લેણા નીકળતા નથી તેવું બંને પક્ષકારો વચ્ચે સ્વેચ્છાએ સમાધાન થયાની ખાતરી કરી, સમાધાન પુરસીસ ઉપર બંને પક્ષકારોની સહી હોઈ અને બંને પક્ષકારોને સમાધાનની શરતો કબુલ મંજુર હોઈ સદરહુ સમાધાન રેકર્ડ કરવામાં આવેલ છે. આમ પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન યોગ્ય તથા વ્યાજબી જણાતું હોઈ જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.એમ.) નં.૨૪/૨૦૨૫ માં આંક–૩૯ થી થયેલ સમાધાન અન્વયે સદર રેફરન્સ કેસ આથી ફેંસલ કરવામાં આવે છે અને સમાધાનની શરતો મુજબ એવોર્ડ કરવામાં આવે છે.

(૨) આંક–૩૯ ના સમાધાનને એવોર્ડનો એક ભાગ ગણવો.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

મહેસાણા.
તા.૧૪/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગરવાલ)
UIC: GJ 01382
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત, મહેસાણા.